## Herd Immunity - ટોળું પ્રતિરક્ષા

(ગતાંકથી આગળ...)

**તારા વગર એક પત્તુ પણ હાલી શકતું નથી. તારી મરજી વગર આખા બ્રહ્માંડમાં કોઈ પણ પ્રકારની હીલચાલ થઈ શકે નહીં. તો પછી આટલા બધા નિર્દોષ માણસનો ભોગ લેવાનો શો મતલબ?? કહેવાય છે કે આ પૃથ્વી ઉપર સમતોલન જાળવવાનું પ્રયત્ન કરે છે, પણ આવું સમતોલન ? તારા કહેવા પ્રમાણે જો તારી મરજી વગર પાંદડું પણ ન હાલતું હોય તો મનુષ્ય પોતાના કર્મો પણ નક્કી નથી કરી શકતા. ચોર પણ તું જ બનાવે છે અને શાહુકાર પણ તુજ બનાવે છે એવું સાબિત થાય છે. તો તને શું મજા આવે છે ?? કોક ચોરી કરે છે, કોક એને પકડે છે તું ઉપર બેઠા બેઠા વધુ જોવે છે. તને મજા આવે છે ? લાળો માણસને કોરોના નામે તું શૂન્યમાં ઓગાળી ગયો. બધા ચોર હતા ? બધા પાપી હતા ? કે તારે પણ ત્યાં સારા માણસોની વધારે જરૂર છે ? કે સારા માણસોને તું લઈ ગયો અને જે અહીં ગયા એ બધા ખરાબ છે ? રાક્ષસ છે ? તને મારો ગળ્યો છે હું તારો છું એટલે અધિકારથી પૂછું છું. હવે બંધ કર આ રમતને....**

**આ તો અતિ વેદનાના શબ્દો છે. આમ તો આ તારા માટે ભક્તિ છે અને હક્ક છે માટે પ્રાર્થના કરું છું કે હે ભગવાન ! હવે આ બંધ કર...**

હા, તો વાત છે Herd immunity ગયા વખતે આપણે જોયું છે કે બે પ્રકારની Herd immunity હોઈ શકે. એક જે રોગ હોય તેની વેક્સીન બનાવી વેક્સીનનો ભરપૂર ઉપયોગ કરી દુનિયામાંથી એ રોગને તિલાંજલી આપી દેવી.



હવે પ્રશ્ન એ થાય કે એવા કયા રોગ હતા અને છે જેની નાબુદી આપણે વેકસીન (રસી) થી કરી છે. શીતળા, એનું આપણા દેશમાંથી અને દુનિયાના ઘણા બધા દેશોમાંથી શીતળાની રસી આપીને નાબૂદ કર્યો છે. એવી જ રીતે પોલિયો એટલે કે લકવા. પોલિયોનું રસીકરણ કરીને આપણા દેશમાંથી પોલિયો મુક્ત ભારત થયું છે. જેમાં ભારત સરકારની સાથે રોટલી કલબ ઈન્ટરનેશનલે વર્ષો સુધી લગભગ ૨૦ વર્ષ મહેનત કરીને પોલિયો મુક્ત ભારત બનાવ્યું છે. એવી જ રીતે કમળાની રસી પણ ઉપલબ્ધ છે. જેને હીપેટાઈટીસની વેકસીન કહે છે. એવી રીતે ટાઈફોઈડની રસી પણ મુકવામાં આવે છે. હવે પ્રશ્ન એ થાય કે ટાઈફોઈડની રસી, કમળાની રસી, બધાને મુકવામાં આવી નથી. એટલે કે ફરજિયાત નથી. સરકારે આવી ઘણી બધી રસીને ફરજિયાત કરવાની જરૂર છે. હવે બીજી વાત કરીએ જે રસી જે રોગ થયો હોય એના જ વાઈરસ એના જ એન્ટી બોડી એટલે કે રોગપ્રતિકારક તત્ત્વ જેને IgK કહેવામાં આવે છે. તે બનાવે અને તેના લીધે જે વાઈરસનો મનુષ્ય શિકાર થયો હોય એ વાઈરસનું આક્રમણ ફરીથી એ મનુષ્યને ફરીથી નુકશાન કરી શકતો અને કદાચ મ્યુટેશન થયા પછી ફરી જો એ વાઈરસનું ચેપ મનુષ્યને લાગે છે ત્યારે એ રોગની આક્રમકતા ઓછી હોય છે. તેથી એ વાઈરસથી નુકશાન ખુબ જ ઓછું થાય છે.




દા.ત. ડેન્ગ્યુ - જેની રસી નથી. પણ જેને એક વખત ડેન્ગ્યુ વાઈરસનો ચેપ લાગેલો હોય તેમાં IgM એન્ટીજન થી IgK એન્ટી બોડીમાં ડેવલોપમેન્ટ થાય છે. અને એ IgK એટલે ડેન્ગ્યુના એન્ટી બોડી એટલે ડેન્ગ્યુની રોગપ્રતિકારક શક્તિના લીધે એ ડેન્ગ્યુનો ચેપ ફરી થતો નથી. ફેરફાર થયેલા (મ્યુટેટ) થયેલા વાઈરસ ફરી જો એ મનુષ્યને ચેપ લગાડે તો ડેન્ગ્યુના રોગની તીવ્રતા ખુબ ઓછું હોય છે. ત્યારે પ્રશ્ન થાય કે ના અમે તો એવું સાંભળ્યું છે કે ડેન્ગ્યુ થાય પછી પણ ફરી ડેન્ગ્યુનો ચેપ લાગે છે અને ખુબ ખરાબ હોય છે અને માણસ મરી ગયાના દાખલા પણ છે અને હા, આ વાત સાચી છે. ફેરફાર થયેલા વાઈરસ (મ્યુટેટ થયેલો) ફરી ડેન્ગ્યુનો ચેપ લાગી શકે છે. જેને હેમેરેજીક ડેન્ગ્યુ કહેવામાં આવે છે. તેમાં પ્લેટલેટ ઓછા થઈ જાય છે અને ડેગ્ન્યુના વાઈરસના લીધે કીડની, બ્રેઈન અને હાર્ટ કામ કરતા ઓછા કે બંધ થઈ જાય છે. પણ આવું ખુબ જ ઓછું થતું હોય છે. પણ આમાં સવાલ એ થાય કે Herd immunity કયાં આવી?

પણ ડેન્ગ્યુ હેમરેજના કેસ ખૂબ જ નહીંવત હોય છે. હવે વાત લઈએ કોરોનાની. કોરોના એક વાઈરસનો ચેપ છે. જે Sars-2 નામના વાઈરસથી થાય છે. પહેલા દર્દીને તાવ આવે, શરદી ઉધરસ થાય, બીજા કે ત્રીજા દિવસે જો નાકમાંથી ને ગળામાંથી સ્વોબ લઈને PCRનો રિપોર્ટ કરવામાં આવે તો એ કોરોના વાઈરસ શરીરમાં છે એનું પ્રમાણ બતાવે છે. એના એ વાઈરસ જો રોગપ્રતિકારક શક્તિ સારી રોય તો વગર દવાએ એના જ એન્ટીબોડી બનાવ છે જે કોરોના વાઈરસ માણસે જીવલેણ હોય છે અને માનવ શરીર સારું થઈ જાય છે. એટલે કે દસમા દિવસે માણસ નોર્મલ થઈ જાય છે. આમાં પણ Herd immunity ની વાત ક્યાં આવી ? રેડિયો ઉપર, ટીવી ઉપર ચારે બાજુ હાહાકાર છે કે કોરોના જેને થયેલો હોય તેને સ્પર્શ કરશો, નજીક જશો કે એના ડ્રોપલેટ તમને પણ કોરોના સંક્રમિત ફરી વળશે. એક માણસ ઘણા બધા માણસોને કોરોના ગ્રસ્ત કરી શકે છે. બસ એમ જ બધા માણસોની જો રોગપ્રતિકારક શક્તિ સારી હોય તો બધા જ માણસોને કોરોના ગ્રસ્ત કરી શકે છે. બસ એમ જ બધા માણસોની જો રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે તો બધા જ માણસો નવમા - દસમા દિવસે કોરોના મુક્ત થઈ જાય છે. એટલે કે આને Herd immunity કહેવાય. એક વાર જેને કોરોના થઈ ગયો હોય તેને ફરી કોરોના ન થાય. સિવાય કે ફેરફાર સાથે (મ્યુટેશન વાળો) વાઈરસ લાગે તો શરીરમાં કોરોના રોગના ચિન્હો આવે. પણ એ ભયજનક ન હોય.

હવે ભારતમાં આપણે બીજા દેશોની તુલનામાં વધારે મોત નથી થયા એની વાત કરીશું આવતા અંકે...

shraddhablood@gmail.com
(M) 9825583898

# આત્મન અભિવ્યક્તિ બાળશિબિર

## આત્મન શિબિરના ૭૧ બાળ કોરોના ફાયટર્સ દ્વારા એકસાથે ઓનલાઈન ભવ્ય દિપ પ્રાગટય




ગાંધીનગર, તા.૧૭

આત્મન અભિવ્યક્તિ બાળશિબિર ઓનલાઈન ભવ્ય શુભારંભ થયો છે. આત્મન ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે સતત ૨૪ માં વર્ષે આત્મન અભિવ્યક્તિ બાળશિબિર આયોજન થઈ રહ્યું છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે કુદરતને ખોળે શિબિર યોજાઈ શકે તેમ ન હોતી ત્યારે ઓનલાઈન વેબિનાર ગોઠવવામાં આવી છે. આજે પહેલા દિવસે ૭૧બાળકોએ એકસાથે પોતાના ઘરેથી દિપ પ્રાગટય કર્યું અને શિબિરની ભવ્ય શરૂઆત થઈ.

ત્યારબાદ આત્મન ફાઉન્ડેશનના મંત્રી શ્રી સંજય થોરાતે સૌનું સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. એમણે ઓનલાઈન ઉપસ્થિત સોથી વધુ બાળકો અને વાલીઓનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. 'કોરોનાથી ડરો ના' વિશે ડો. પૌલમી પરમારે બાળકોને કોરોના ફાયટર્સ બનાવવાની ટીપ્સ આપી હતી. આ અવેરનેસ કાર્યક્રમ સૌને ખૂબ ગમ્યો હતો. ત્યારબાદ નિવૃત્ત આઈએએસ અધિકારી એચ. બી. વરીયા 'વાર્તા રે વાર્તા' દ્વારા સૌને બોધ વાર્તા કીધી હતી.

ગાંધીનગરના જાણીતા કોરિયોગ્રાફર પ્રજ્ઞા ગજ્જરે 'હમ હોંગે કામિયાબ' સાથે બાળકો ને ડાન્સ કરાવી પરસેવો પડાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સરસ સંચાલન ગાંધીનગર સમાચારના કટાર લેખક મમતા રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરના સંયોજક તરીકે સી. એલ. મહેતા અને સંજય થોરાત મહેનત કરી રહ્યા છે. આ શિબિરનું ટેકનિકલ સંચાલન ધૈવત મહેતા કરી રહ્યા છે એવું આત્મન ફાઉન્ડેશનના સંસ્થાપક પ્રજ્ઞાબહેન પટેલે જણાવ્યું છે.



સુકેતુ મહેતા અને વત્સલ વોરાની આગેવાની હેઠળ સેકટર-૬માં મકાન નં. ૧૭૧/૧માં હેમાલીબેન ઓઝાને ત્યાં રક્તદાન શિબિર યોજાયો હતો. જેમાં ૮ યુનિટ બ્લડ કલેક્ટ કરવામાં આવ્યું હતું. જેમાં અજયભાઈ પટેલે ૧૦૦ મી.લીટર રક્તદાન કર્યું. જયારે હિતેશભાઈ ભાવસારે ૮૦ મી લીટર રક્તદાન કર્યું હતું. સિવિલ હોસ્પિટલ માટે આ બ્લડનો ગરીબો માટે ઉપયોગ કરવામાં આવશે.

## ઉર્જાનગર વિભાગ-૨માં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ઉર્જાનગર વિભાગ-૨માં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ સોસાયટીના રહિશો હિતેન્દ્રસિંહ, અરવિંદભાઈ, ભાવનાબોન, લીલાબોન, આરતીબોન અને ભારતીબોનો આયુર્વેદિક ઔષધીમાં તુલસી, આદુ, ફુદીનો, અરડુસી, તજ, લવીંગ અને મરી વગેરેનો ઉપયોગ કરી મંદિરે ૩ દિવસ સવારે ૭ થી ૮ સુધી ગરમાગરમ સ્થાનિક રહીશોને પીવડાવવામાં આવ્યો હતો.



## મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને સુગંધીમાન પુષ્પોના શણગાર

રાજ્યભરમાં આકરો ઉનાળો લોકોને તપાવી રહ્યો છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાનને ગરમી ન લાગે તે માટે સુગંધીમાન પુષ્પોનો શૃંગાર કરવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં અક્ષય તૃતીયાથી વૈશાખ વદ અમાસ સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજને - મહારાજાધિરાજને ફૂલોનાં વસ્ત્રો બનાવી અને ચંદનનો લેપ લગાવીને ગરમી ન લાગે તે માટે શૃંગાર કરવામાં આવે છે.



જુઈ, મોગરો, ગુલાબ સહિતનાં ફૂલોની કડીઓથી ભગવાનનાં વાઘા એટલે કે વસ્ત્રો બનાવવામાં આવે છે. ભગવાનને આ પુષ્પનો શૃંગાર અંગીકાર કરાવવામાં આવે છે. એક મહિના ચાંદી - સુવર્ણનાં આભૂષણોને બદલે પુષ્પોનો શૃંગાર અંગીકાર કરાવવામાં આવે છે. સુગંધીમાન પુષ્પોમાં ગરકાવ શ્રી ઘનશ્યામ મહાપ્રભુ સૌ કોઈને અમૃત નજરે હેરી રહ્યા હતા.


ચારેબાજુ વિવિધ ફૂલોની સુંદરતા અને એની મહેકથી મંદિર મઘમઘતું હતું. આપણા ત્યાં માન્યતા છે કે ભગવાનને સુગંધી ફૂલો જ અર્પણ કરવામાં આવે. વૈશાખ માસની ગરમીમાં ભગવાનને ઠંડક પ્રાપ્ત થાય તેવા ભકિતભાવથી આ પ્રસંગે ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને રંગબેરંગી વિશિષ્ટ ફૂલોના શણગાર ધરાવવામાં આવ્યા હતા. પુષ્પોમાં ગરકાવ સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની આરતીશ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે આરતી ઉતારી હતી. સ્વામિનારાયણ ભગવાનના પુષ્પ શૃંગાર દર્શનનો અલભ્ય લાભ ઈન્ટરનેટના માધ્યમથી લાઈવ દર્શન કરીને સૌ ધન્યતા અનુભવતા હતા.

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'ઓનલાઈન સમર વોકેશનલ કોર્સીસ'નું સમાપન

વલ્લભ વિદ્યાનગર, તા. ૧૭

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ના મેથેમેટિક્સ ગ્રુપ ના વિદ્યાર્થીઓ માટે તા:૦૬/૦૫/૨૦૨૦ થી તા:૧૫/૦૫/૨૦૨૦ સુધી ઓનલાઈન સમર વોકેશનલ કોર્સીસ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં યુઝ ઓફ ગુગલ ટુલ્સ ફોર ડે ટુ ડે લાઈફ, C એન્ડ C ++ પ્રોગ્રામિંગ,ઈફેકટીવ લર્નિંગ ઓફ માઈક્રોસોફ્ટ ઓફિસ,ઈન્ટ્રોડક્શન ટુ વિક્સ પ્લેટફોર્મ ફોર ઓનલાઈન વેબસાઈટ ડિઝાઈન,કમ્પ્યુટર નેટર્વકિંગ,હાર્ડવેર એન્ડ ટ્રબલ શૂટિંગ,બ્લેકહોલ એન્ડ ફંડામેન્ટલ લૉ ઓફ ફિઝિક્સ,કરીઅર ગાઈડન્સ ફોર ઓપોર્ચ્યુનિટી આફ્ટર ૧૨ સાયન્સ જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી ને વિદ્યાર્થીઓ ની ટેકનિકલ સ્કિલ્સ ડેવલપ કરવાની દિશા માં આ પ્રકાર ના કોર્સીસ ખુબ ઉપયોગી નીવડે છે.૩૦ અધ્યાપકો અને ૩૦૦ વિદ્યાર્થીઓ થી શરુ થયેલ રાજ્ય ની પ્રથમ એન્જીનીયરીંગ કોલેજ માં હાલ ૩૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સરદાર પટેલ,ભાઈ કાકા, ભીખાભાઈ ના સઘન પ્રયાસો થી સ્થપાયેલ બીવીએમ ચારુતર વિદ્યામંડળ ના યુથડેવલપમેન્ટ ના વિઝન સાથે સંસ્થા ના વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પ્લોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ 'પર સતત કાર્યશીલ છે.યુજીસી દ્વારા માન્ય રાજ્ય ની પ્રથમ ઓટોનોમસ સંસ્થા બીવીએમ ના ૪૦૦૦૦ થી વધુ એન્જીનીયર્સ વિશ્વ માં અલગ અલગ ક્ષેત્રે કાર્યરત છે.ઈસી એન્જીનીયરીંગ ના વડા ડૉ ભાર્ગવ ગોરડિયા એ સૌનું અભિવાદન કર્યુ હતું તથા ઓનલાઈન સમર વોકેશનલ કોર્સીસ એ વિદ્યાર્થીઓ ને નોલેજ એન્હાન્સમેન્ટ માટે તથા તે વેલ્યુ એડેડ ફીચરદ્વારા વિદ્યાર્થીઓ ને એકેડેમિક તથા પ્રોફેશનલ લાઈફ માં ઉપયોગી થાય એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી




ઉપરોક્ત ઓનલાઈન સમર વોકેશનલ કોર્સીસ માં યુઝ ઓફ ગુગલ ટુલ્સ ફોર ડે ટુ ડે લાઈફ અંતર્ગત પ્રો. ઘનશ્યામ રાઠોડે ગુગલ મેઈલ, ફોર્મસ,વર્ડ, પ્રેઝન્ટેશન , ગુગલ શીટ્સ, ગૂગલ ડ્રાઈવ ગુગલ વેબસાઈટ વિષે,ઈફેકટીવ લર્નિંગ ઓફ માઈક્રોસોફ્ટ ઓફિસ અંતર્ગત ડૉ.દર્શન દલવાડી એ માઈક્રોસોફ્ટ ઓફિસ વર્ડ ની બેઝિક યુટીલીટી,એક્સેલ દ્વારા મેથેમેટિકલ ઓપરેશન્સ તથા પાવરપોઈન્ટ દ્વારા ઈફેક્ટિવ પ્રેઝન્ટેશન વિષે,પ્રો મયુર સેવક તથા પ્રો અમિત ચોક્સી એ, C એન્ડ C ++ પ્રોગ્રામિંગ અંતગર્ત બેઝિક સ્ટ્રકચર,કલાસ એન્ડ ઓબ્જેક્ટસ,પ્રોગ્રામ કમ્પાઈલેશન ઓન ઓનલાઈન પ્લેટફોર્મ એન્ડ લીનક્સ ઓપરેટિંગ સિસ્ટમ,પાયથોન પ્રોગ્રામિંગ એન્ડ એપ્લિકેશન વિષે, પ્રો.અનીશ વ્હોરા એ બેઝિક્સ ઓફ કોમ્પ્યુટર, એસેમ્બલિંગ એન્ડ ડીએસેમ્બલિંગ હાર્ડવેર,સોફ્ટવેર ઈન્સ્ટોલેશન, કમાન્ડ્સ કમ્પ્યુટર નેટર્વકિંગ વિષે, પ્રો.રોબિન્સન પોલે ઈન્ટ્રોડક્શન ટુ વિક્સ પ્લેટફોર્મ ફોર ઓનલાઈન વેબસાઈટ ડિઝાઈન અંતર્ગત ટેમ્પ્લેટ ડિઝાઈન્સ, સાઈટ નેવીગેશન,બ્લોગીંગ,ઓટો માઈઝિંગ સર્ચ એન્જીન વિષે, ડૉ.સંદીપ ઉનડકટ એ બ્લેક છિદ્રો અને ભૌતિકશાસ્ત્રના મૂળ નિયમો અંતર્ગત બ્લેક હોલ પરિચય - તેમનો ઈતિહાસ, રચના અને બંધારણ ગુરુત્વાકર્ષણ વિષે તથા ડૉ.ભાર્ગવ ગોરડિયા એ કરીઅર ગાઈડન્સ ફોર ઓપોર્ચ્યુનિટી આફ્ટર ૧૨ સાયન્સ અંતર્ગત રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ આવેલી તકો ,જે તે શાખાનું ભવિષ્ય અને અવકાશ,શાખા અથવા વિષયની પસંદગી, એન્જિનિયરિંગમાં અભ્યાસ માટે જરૂરી આવડતો, સંસ્થા તથા યુનિવર્સિટીની પસંદગી, માતા-પિતાનો સંસ્થા પસંદગી માટે તથા બ્રાન્ચ પસંદગી માટે નો અભિગમ,શિષ્યવૃતિ વિષે રસપ્રદ માહિતી આપી હતી.આ ઉપરાંત સમર વોકેશનલ કોર્સીસ માં લર્નિંગ એસેસમેન્ટ ને ધ્યાન માં રાખીને ઓનલાઈન કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં પ્રથમ,દ્વિતીય તથા તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓ ને પુરસ્કાર આપવામાં આવ્યા છે

ઓનલાઈન સમર વોકેશનલ કોર્સીસ માં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ગૂગલ મીટ પ્લેટફોર્મ દ્વારા જોડાયા હતા તથા ઈવેન્ટ ને સફળ બનાવવા માટે ફેકલ્ટી કોર્ડીનેટર પ્રો.ઘનશ્યામ રાઠોડ તથા સ્ટુડન્ટ કોર્ડીનેટર્સ વેદાંત ડોકાનીઆ,પ્રથમ બર્વે ,દેવ પટેલે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



સતીષભાઈ ઠાકોરભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૮૩૦૫



મીનાબેન પટેલ



નેહા જે શાહ
મો. ૯૯૨૫૮ ૪૭૭૯૬



વાસુદેવભાઈ એચ ત્રિવેદી



ગણપતભાઈ નારણભાઈ પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



ફીઝા અન્સારી



ઉર્વી જે રાવત
મો. ૯૮૮૭૧ ૩૩૪૩૨



પ્રજાપતિ કનુભાઈ બી
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



ભાવસાર પ્રિતેશભાઈ એમ
રેડક્રોસ, માણસા